
# શ્રી આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૭૫, શ્રાવણ સુદ – ૧૫ • તા. ૧૫ ઓગષ્ટ ૨૦૧૯ • અંક : ૧૪

14



**શેઠ આણંદજી કલ્યાણજી**

"સહુને આનંદ સહુનું કલ્યાણ"

**અમદાવાદ**

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે....


## "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"

૧૫ વર્ષ પછી આવનારા
સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?

બસ ! આજથી ફકત ૧ રૂપિયો પ્રતિદિન
૧ વર્ષ ના રૂા. ૩૬૦, ૧૫ વર્ષના રૂા. ૫૪૦૦.

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 5010018 5224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન- સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધાજ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

સળંગ અંક : ૧૪ મૂલ્ય : રૂા. ૨૦ વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦

સાતમી શતાબ્દીના મહાન આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ જેમણે ૧૪૪૪ ગ્રંથોની રચના કરીને સર્વજ્ઞ પ્રણીત ધર્મશાસનના તત્ત્વોને આગવી રીતે પ્રસ્તુત કર્યા છે. એમણે ષોડશક ગ્રંથમાં (ગા. ૧૩થી ૧૬) ધર્મને જીવનમાં જીવવા માટે સદ્આચરણ(સદાચાર)ના ૧૯ ગુણો બતાવ્યા છે જે આજે પણ આપણા માટે એટલા જ ઉપયોગી અને અનિવાર્ય છે.

(૧)દાન,
(૨) સુદાક્ષિણ્ય,
(૩) દયાળુતા,
(૪) દીનોદ્ધાર,
(૫) કૃતજ્ઞતા,
(૬) લોકનિંદાભય,
(૭) ગુણવાન પર રાગ,
(૮) નિંદાત્યાગ,
(૯) આપત્તિમાં દીનતાનો અભાવ,
(૧૦) સત્પ્રતિજ્ઞતા,
(૧૧) સંપત્તિની સાથે નમ્રતા,
(૧૨) અવિરુદ્ધ કુલાચારનું પાલન,
(૧૩) અલ્પભાષિતા,
(૧૪) નિંદનીય પ્રવૃત્તિ ન કરવી,
(૧૫) વિશિષ્ટ ફળદાયી પ્રવૃત્તિ કરવી.
(૧૬) ધનનો સદ્વ્યય કરવો,
(૧૭) ખરાબ માર્ગે ધન ન વાપરવું,
(૧૮) ઉચિત રીતે લોકોને અનુસરવું.
(૧૯) પ્રમાદનો ત્યાગ કરવો.

: પ્રકાશક :
શેઠ આણંદજી કલ્યાણજી
"સહુને આનંદ સહુનું કલ્યાણ"
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)

વર્ષ-૫ | સળંગ અંક : ૧૪

પ્રકાશન

વિ.સં. ૨૦૭૫, શ્રાવણ સુદ-૧૫ તા. : ૧૫ ઓગસ્ટ ૨૦૧૯, ગુરૂવાર

પ્રકાશક :

હર્ષદભાઈ મહેતા (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E–mail : shree_sangh@yahoo.com

Website : www.shethanandjikalyanjipedhi.org

મુદ્રક : નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

---

*અરાવલ્લીની વૃક્ષાચ્છાદિત પર્વત માળાઓની ગોદમાં સ્થિત ૧૪૦૦ વર્ષ પ્રાચીન શ્રી કુંભારીયાજી તીર્થ(આરાસણ તીર્થ )માં શ્રી નેમિનાથ ભગવાનના મુખ્ય જિનાલયની ભમતીમાં તથા શ્રી સંભવનાથ, શ્રી શાંતિનાથ, શ્રી પાર્શ્વનાથ તથા શ્રી મહાવીરસ્વામી આદિ ચાર જિનાલયોની ભમતી તથા ગોખલાઓમાં ૧૨૮ જિન પ્રતિમાજી, શ્રી અંબિકા દેવી, શ્રી મણિભદ્રવીર તથા અન્ય શાસન રક્ષક દેવ દેવીઓની પ્રતિમાઓની પ્રતિષ્ઠા વિ.સં.૨૦૭૬ મહા સુદ-૫, ૬ અને ૭ તા. ૩૦/૩૧-જાન્યુ.તથા ૧-ફેબ્રુઆરી-૨૦૨૦ ના મંગલ દિવસો દરમ્યાન થશે.*

*જિન પ્રતિમાજીઓને બિરાજમાન કરવાની તથા પ્રતિષ્ઠા અંગેની વિવિધ બોલીઓ વિ.સં.૨૦૭૫ આસો સુદ-૧ તા. ૨૯.૯.૨૦૧૯ રવિવાર તથા આસો સુદ-૨ તા.૩૦.૯.૨૦૧૯ સોમવારના બન્ને દિવસોએ સવારે ૯-૦૦ વાગે શેઠ હઠીસિંહની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ ખાતે બોલાવવામાં આવશે. આ અંગે પેઢીના સરનામે તથા નીચેના સંપર્ક સૂત્રો પર સંપર્ક સાધવા વિનંતી છે.*

| | |
|---|---|
| *(૧) કૌશલ જી. શાહ* | *(મો). ૯૪૨૮૦૦૦૬૦૬* |
| *(૨) દિલીપ એસ. પંચાલ* | *(મો). ૯૪૨૮૦૦૦૬૦૩* |
| *(૩) જીમિત એ. દોશી* | *(મો). ૭૦૬૯૦૦૪૬૦૭* |

# પરમ પાવન શાશ્વત મહાતીર્થ શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રા તત્કાલીન પાલીતાણાના ઠાકોર દરબાર શ્રી બહાદુરસિંહજીએ યાત્રાળુઓ માટે દાખલ કરેલા માથાદીઠ ૨ રૂપિયાના મૂંડકાવેરા સામે આણંદજી કલ્યાણજી પેઢીએ ચતુર્વિધ શ્રી સંઘને યાત્રા બંદ રાખવાની અપીલ કરી હતી અને ૨૬ મહીના સુધી (૧-૪-૧૯૨૬ થી ૩૧-૫-૧૯૨૮ સુધી) ગિરિરાજની યાત્રા બંદ રહી હતી.

*આ સંદર્ભમાં શ્રી સંઘ સમક્ષ પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે તા.૨૬-૭-૧૯૨૬ના દિવસે અમદાવાદ ખાતે એક સભા બોલવવામાં આવી હતી. આ સભામાં પોણાત્રણસો ઉપરાંત સદ્‌ગૃહસ્થોએ હાજરી આપી હતી અને આ પ્રસંગે સભાના પ્રમુખપદેથી શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈએ જે ભાષણ કર્યુ. હતું તે, પરિસ્થિતિની સચોટ રજૂઆત કરવા સાથે, જૈન સંઘના વર્તમાન ધર્મ-કર્તવ્ય તરફ આંગળી ચીંધે એવું અને સંઘની એકતા અને શક્તિમાં પૂરે એવું હતું, એટલે એમનું એ આખું વક્તવ્ય અહીં રજૂ કરાયું છે.*

**પ્રતિનિધિ સાહેબો અને બંધુઓ,**

*ગયા ડિસેમ્બર માસમાં આપ સૌ અત્રે પધારેલા ત્યારે ચાલુ સાલના માર્ચ માસની આખરે પૂરા થતા ચાલીસ વરસના રખોપા સંબંધી તેમ જ શ્રી શત્રુંજય ઉપરના આપણા હકસંરક્ષણ માટે આપણે વિચાર કરેલો. તે વખતે એવી સ્થિતિ હતી કે પાલીતાણા દરબારે પશ્ચિમ હિંદ સ્ટેટસની એજન્ટ ટુ ધી ગવરનર સાહેબને રખોપાના પૂરા થતા ઠરાવ સંબંધમાં અરજી કરેલી અને તે અરજીની નકલ, રીતસર આપણને, આપણો જવાબ વાળવાને માટે, આપવી જોઈએ તે આપવા એજન્ટ સાહેબે ના પાડેલી, તે ઉપરથી મુંબઈ ઈલાકાના ગવર્નર સાહેબની મુલાકાત લેવામાં આવેલી અને આ બાબતમાં તેમની મદદ અને દિલસોજીથી હિંદુસ્તાનના વાઈસરોય અને ગવર્નર જનરલ લોર્ડ રીડીંગ સાહેબને બધી વાતથી વાકેફ કરવામાં આવ્યા હતા.*

ત્યારબાદ આપણા કાઉન્સેલ સર સેતલવાડ સાથે રાજકોટ મુકામે એજન્ટ સાહેબને મળી પાલીતાણા દરબારની અરજીની નકલ પૂરી પાડવાનું કહેવામાં આવતાં, કોઈ પણ પક્ષના હકને વાંધા સિવાય, નકલ આપવામાં આવી હતી. અને તેનો જવાબ એક માસમાં એટલે તા. ૨૫ મી માર્ચે આપવા કબૂલેલું. આ રીતે કબૂલાત આપતી વખતે એવો બિલકુલ ખ્યાલ ન હતો કે પાલીતાણા દરબાર પોતાની અરજીમાં આપવા માટે વધુ વખતની માંગણી કરવામાં આવેલી હતી, પણ તેના પ્રત્યુત્તરમાં એજન્ટ સાહેબે એવું જણાવેલું કે, ચાલીસ વરસનો ઠરાવ તા. ૧ લી એપ્રીલે પૂરો થતો હોઈ, ત્યાર બાદ પોતે એક જ શરતે મુદત લાંબી આપવાને કબૂલ છે અને તે એ જ કે, આપણે આપણો જવાબ વાળીએ અને તેનું નિરાકરણ તેઓ સાહેબ આપે ત્યાં સુધી હરકોઈ યાત્રી રૂ. ૨નો માથાવેરો ભરી યાત્રા કરી શકે. આ બાબતમાં ઘણી જાતની યોજનાઓ તેમના આગળ રજુ કરવામાં આવી હતી, પણ તેમાંની એક કબૂલ ન રાખતાં તેમણે એવું જાહેર કર્યું કે યાત્રીની ગણતરી તો કરવામાં આવશે જ અને બન્ને પક્ષની આ બાબતની સુણાવણી થયા પછી પોતે જે નિર્ણય આપશે તદનુસાર અમલ કરવામાં આવશે. તેમના આ નિર્ણયનો વિચાર કરવા તા. ૩૦મી માર્ચ લગભગમાં પ્રતિનિધિ સાહેબોની એક સભા બોલાવવામાં આવેલી અને તેમની આગળ આ વાત રજૂ કરવામાં આવેલી તે આપ સૌકોઈને વિદિત છે. આ નિર્ણય આપતાં જૈનોની ધાર્મિક લાગણીને કેટલું દુ:ખ થશે તેનો એજન્ટ સાહેબે જરા પણ વિચાર કર્યો હોય તેમ લાગતું નથી.

આપણા કાઉન્સેલે ટૂંકી મુદતને માટે પણ તેમના આગળ જે જુદી જુદી યોજનાઓ રજૂ કરેલી તે કેવળ એ જ ધ્યેયથી કે જૈનોની યાત્રામાં ખલેલ ન પડે અને બન્ને પક્ષને સાંભળી આ બાબતમાં જ્યાં સુધી એજન્ટ સાહેબે પૂરો વિચાર કર્યો નથી ત્યાં સુધી તે બન્ને પક્ષની સમાનતા સચવાઈ રહે. જ્યારે તેમનો આ નિર્ણય જૈન કોમની જાહેરાતમાં મૂકવામાં આવ્યો ત્યારે જૈન કોમના ગૌરવ અને માનને ધોકો પહોંચાડતો હોઈ હિંદુસ્તાનમાં જુદા જુદા ભાગોમાં વસતા જૈનોએ એકઅવાજે, કોઈના કહ્યા-કહેવરાવ્યા વિના, યાત્રા-ત્યાગ કરવાનું વિષમ પગલું ગ્રહણ કીધું. અને તે આજ સુધી એવી ઐક્યતાથી જાળવી

રાખ્યું છે કે એક જૈન બચ્ચાએ પણ પાલીતાણા ક્યાં છે તેની તરફ નજર કીધી નથી. આ કઠિન પગલું જૈન માટે કેટલું દુ:ખદાયી છે, તે તો ધાર્મિક માણસો જ સમજી શકે. આ સ્થિતિનો જેમ બને તેમ જલદી અંત લાવવાની ખાતર આપણા કાઉન્સેલે આપણો જવાબ તૈયાર કરી એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ સાહેબ તરફ મોકલી આપ્યો. તે જવાબ એટલો તો સચોટ રીતે વાળવામાં આવેલો હતો કે ફક્ત જૈન બંધુઓને આપણી લડત શા માટે છે તેની જેટલી ખાતરી હતી, તેથી વધુ ખાત્રી અન્ય કોમના કેટલાક, જેમનું એમ માનવું હતું કે આપણે ખોટો ઝઘડો લેઈ બેઠા છીએ, તેમને અને હિંદુસ્તાનની દરેક કોમને થઈ. જે કોઈ વર્તમાનપત્રે આપણી લડત સમજવા તેના મુદ્દા તપાસવા પ્રયત્ન કીધો છે, તેની ખાત્રી થઈ છે કે આપણી લડત તદન સાચી અને કેવળ ન્યાયના રસ્તે જ છે, અને તેથી જ કરીને તેમણે આપણને સબળ ટેકો આપેલો છે. મારી જાણમાં કે વાંચવામાં એક પણ પત્ર આવ્યું નથી કે જેમાં પાલીતાણા દરબારે અખત્યાર કરેલી નીતિ સામે સખ્ત વિરોધ દર્શાવવામાં આવ્યો હોય નહીં. ત્યારબાદ તા. ૨૧મી જૂને બન્ને પક્ષના કેસની સુણાવણી કરવામાં આવી. ઘડી એક કહેવામાં આવે છે કે, પાલીતાણા દરબાર પાલીતાણાના પરગણા માટે સર્વોપરી સત્તા ધરાવનાર છે. જો તેમ જ હોય તો આવી જાતની સર્વોપરી સત્તાને એક કોમના પ્રતિનિધિઓની સામે પોતાના મુદ્દાઓ પુરવાર કરવાને પક્ષ તરીકે બોલાવી શકાય જ નહિ. પણ આપ સૌ જાણો છો કે આબુ મુકામે તેમને એક પક્ષકાર તરીકે ઉભા રહેવું પડ્યું અને તે જ ચોખ્ખી રીતે બતાવી અપે છે કે તેમનો અને જૈનોનો સંબંધ એક સત્તાધારી સત્તાનો અને તેમની પ્રજા વચ્ચેનો નથી, પરંતુ બે પક્ષકારો વચ્ચે થયેલા કરારના એક પક્ષકાર તરીકેનો છે. વળી દરબારના વકીલે સ્પષ્ટ રીતે કબૂલ કરેલું હોવા છતાં એજન્ટ સાહેબે એવી તો દૂરંદેશી ચલાવી છે કે દશ વરસ બાદ શું સ્થિતિ હશે તે પોતે કલ્પી શકે તેમ નહીં હોવાથી, ત્યારબાદ સાર્વભોમ સત્તાએ વચ્ચે પડી આ સવાલનો નિર્ણય લાવવો કે જૈનોને દરબારના શરણે સોંપી દેવા તે તે વખતના રાજ્યાધિકારી ઉપર મૂક્યું છે, અર્થાત્ એજન્ટ સાહેબના અભિપ્રાય પ્રમાણે જેમ બને તેમ જલદી જૈનોને પાલીતાણા દરબારને શરણે કરવાથી આ સવાલનો વહેલો ફડચો આવશે તેમ તેમનું માનવું જણાય છે.

સામાન્ય રીતે એક અંગ્રેજ અમલદાર આવા પ્રકારનો ન્યાય આપશે અને તે પણ મુંડકાવેરાનો હિમાયતી બનશે તે ભાગ્યે જ કલ્પી શકાય તેમ છે. અને છતાં, આપ જાણો છો કે, આ ફેંસલો સીવીલ સર્વીસમાં ઘડાયેલા એક અનુભવી અમલદારે આપ્યો છે. ઉપર જણાવ્યા મુજબ વોટ્સન સાહેબને જૈનોની ધાર્મિક લાગણીનો ભાગ્યે જ ખ્યાલ હોય તેમ લાગે છે. જો આ જગ્યાએ કોઈ ચુસ્ત હિંદુ, મુસલમાન કે ક્રિશ્ચિયન હોય તો તે સહેજે સમજી શકત કે આહાર, નિદ્રા અને પાણી મનુષ્યનું જીવન ટકાવવા જેટલાં જરૂરી છે, તેટલા જ પ્રમાણમાં ધાર્મિક જૈનોને યાત્રા એ એક અંગભૂત જરૂરિયાત છે. આ સિવાય વોટસન સાહેબે જ્યારથી એક-ઈન્ટેરીમ(વચગાળાનો) ઓર્ડર બહાર પાડ્યો છે, ત્યારથી કેટલા કેટલા જૈનો શું શું તપશ્ચર્યા કરી દુઃખ વેઠી રહ્યા છે, તેનો પણ તેમણે ભાગ્યે જ ખ્યાલ કર્યો હોય તેમ જણાય છે.

આ ઉપરથી તાત્પર્ય એટલું જ છે કે જ્યાં સુધી જૈનોએ પોતાનું એક્તાબળ બતાવ્યું નથી,ત્યાં સુધી તેમણે સંપૂર્ણ ન્યાય મળવો મુશ્કેલ છે વધુમાં મિ. વોટસન સાહેબની પાસે ફક્ત રખોપાના સવાલનો જ નિર્ણય કરવાની બાબત હતી, અને તે પોતે પોતાના ચુકાદામાં એક કરતાં વધુ વખત જણાવે છે કે, રખોપા સિવાય બીજી બાબતમાં ઉતરવા હું માગતો નથી; છતાં પોતાના ચુકાદાના પોણા ભાગમાં હકૂમતનો સવાલ ચર્ચાવામાં આવ્યો છે, તેમાં પોતે એવો અભિપ્રાય જણાવે છે કે બ્રિટિશ અને હિંદુસ્તાનના અન્ય દેશી રાજ્યોમાં વસતા જૈનો અને પાલીતાણા દરબારની જૈન પ્રજા વચ્ચે કોઈ પણ જાતનો તફાવત છે જ નહીં, આપણી આગળ હમણાં વોટસન સાહેબના ચુકાદાનો સાર વાંચી સંભળાવવામાં આવશે તે ઉપરથી આપ જોઈ શકશો કે તે પોતે એટલે સુધી કહેવાને આગળ વધ્યા છે કે, એક ભારેમા ભારે અન્યાય થાય અને તેવા અન્યાય સામે કોઈ પણ દેશી રાજ્યમાં કોઈ પણ પ્રજાને સર્વોપરી બ્રિટીશ સરકાર પાસે ન્યાય મેળવવાનો હક છે, તેટલો જ હક જૈનોને માટે બસ છે. વોટસન સાહેબ ભૂલી ગયા જણાય છે અને ભૂલ્યા ન હોય તો આંખ આડા કાન કર્યા જણાય છે કે, તેરમા સૈકા સુધી તો પાલીતાણા દરબાર જેવી વસ્તુ જ શત્રુંજયમાં હતી નહીં.

હવે હું ટૂંકમાં આપ આગળ મિ. વોટસને આપેલા ચુકાદાને ભાવાર્થ વાંચી સંભળાવીશ. ચુકાદા પ્રમાણે શ્રી શત્રુંજય પર્વતનો સર્વોપરિ હક્ક પાલીતાણા દરબારનો છે. યાત્રાળુ પાસેથી કર લેવાનો રાજયનો હક્ક છે અને તેથી દશ વરસ સુધી જૈનોએ દર વરસે પાલીતાણા દરબારને એક લાખ રૂપિઆ આપવા અથવા તો રાજ્યે યાત્રાળુ પાસેથી રૂ. ૨ મુંડકાવેરો લેવો. દશ વરસ પછી જો જરૂર પડશે તો બ્રિટીશ સરકાર વચ્ચે પડશે. આપ સર્વે જાણો છો કે અત્યાર સુધી આપણા તરફથી જે રકમ પાલીતાણા દરબારને મળતી તે ફક્ત રખોપાના બદલામાં મળતી. ડુંગર આપણો જ છે, તે ઉપર બીજા કોઈનો હક્ક નથી, છતાં આપણા પુરાવાની, બાદશાહી સનદોની તેમ જ સિદ્ધ પુરાવાની મિ. વોટસને અવગણના કરી છે, જેની સામે વિરોધનો ઠરાવ આપની આગળ આજરોજ રજૂ થનાર છે. વધુમાં મિ. વોટસન જણાવે છે કે, જ્યાં સુધી એક દેશી રાજા પ્રજા ઉપર જુલ્મ ગુજારે નહિ ત્યાં સુધી બ્રિટીશ સરકારને તે રાજયના અંદરના કારભારમાં પડવાની જરૂર નથી. સદરહુ ચુકાદો કેવળ એકતરફી છે, તેમ સૌકોઈને લાગ્યા વિના રહેશે નહી.

આ સિવાય પ્રથમ જ્યારે પાલીતાણાની આસપાસ જંગલ હતાં ત્યારે રખોપાની રકમ આપવાની જરૂર હતી અને તેથી જ રૂા. ૧૫૦૦૦ આપવા આપણે કબૂલ કરેલું, પણ હવે તો વસ્તુસ્થિતિ તદ્દન બદલાઈ ગઈ છે અને ઠેઠ સુધી રેલ્વે થયેલી હોવાથી રાજયને, મિ. વોટસન જણાવે છે તેમ, રખોપાનું કાંઈ ખર્ચ વધ્યું નથી, બલકે કાંઈક ઘટેલું છે.

આજ સુધી જૈનોએ જે ઐક્ય બતાવ્યું છે તેને માટે સૌકોઈને ધન્યવાદ ઘટે છે અને મને ખાત્રી છે કે આ લડતના વિજયડંકા ઐક્યતાની લીધે જ વાગનાર છે. એજન્ટ સાહેબના આપણી વિરૂદ્ધના ફેંસલાથી આપણે હિંમત હારી જવાની નથી. સત્ય, પ્રેમ અને લાગણીથી આપણે આપણી પુણ્યતીર્થ ભૂમિકાઓના પવિત્ર હક્કના સંરક્ષણનું કામ સુગમ અને સરળ રસ્તે કરે જવાનું છે.

સત્યવચનીને પણ પ્રભુ સપ્ત કસોટીએ ચઢાવવામાં બાકી રાખતા નથી, એ તો હરિશ્ચચંદ્ર જેવા મહાન સમર્થ નૃપના સંબંધે પણ બનેલું સાંભળ્યું છે. આપણા પ્રાચીન પવિત્ર તીર્થના રક્ષણની જવાબદારી સમસ્ત કોમને માથે છે. ધાર્મિક જૈન કોમને માટે આ આ કટોકટીનો પ્રસંગ હોઈ આપણે એકત્ર થઈ સૌરાષ્ટ્રને પાવન કરનાર તીર્થની અને આપણી સલામતી માટે પગલાં લેવા જોઈએ, જેથી જૈન કોમની દરેકેદરેક વ્યક્તિ પોતાનો ધર્મ બજાવવા, પ્રતિષ્ઠા અને ગૌરવ સાચવવા સજ્જ થાય. આવા ધર્મયુદ્ધમાં દરેક જૈનને પોતાનો ફાળો આપ્યા વિના ચાલી શકે તેમ નથી. આપણી કોમમાં ઘણાએ સ્વાર્થ ત્યાગી માણસો છે, પણ તેમની મદદે સમસ્ત કોમ ન હોય તો તેમનું કામ સહેલાઈથી અને સરળતાથી થવું અસંભવિત છે, જેથી આવા કસોટીના પ્રસંગે દરેક જૈન બંધુ એક બળથી સજ્જ થઈ દૃઢ આત્મનિશ્ચયથી આપણને રખોપા સંબંધી અને બીજી હક્કની તકરાર સંબંધી સંપૂર્ણ ન્યાય ન મળે ત્યાં સુધી યાત્રાત્યાગ કરી પોતાનો ફાળો આપે તેમાં જ આપણું શ્રેય છે. આ જ લડતમાં આપણા ધર્મ, અર્થ, મોક્ષ કામનો સમાવેશ થાય છે. જૈન સમાજ આપણી ઐક્યતાની અપેક્ષા રાખે છે. આ જગતમાં માનવ જાતિના ઉદ્ધારની ખાતર-ધર્મની ખાતર-મરે એ જ ખરો ચિરંજીવી. આપણા હક્કનું સંરક્ષણ કરવામાં જ આપણું સ્વર્ગ સમાયેલું છે.

હું વિરમું તે પહેલાં આપ દરેક જૈન બંધુને વિનવી એટલું માગી લઉં છું કે આજના પસાર થયેલા ઠરાવોને તમે સર્વાંગે અનુસરજો, આ સિવાય, હાલમાં, આપણા હક્ક-સંરક્ષણનો પ્રશ્ન અતિ ગંભીર અને અગત્યનો થઈ પડેલો હોઈ આપણા ભાઈઓ આપના કીમતી વિચારો દર્શાવી આપણું કાર્ય સુગમ અને સરળ બને તેવા હેતુથી આજની સંઘની સભામાં ઘણે દૂરથી પધાર્યા છો, તેને માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી આપણો સત્કાર કરતાં મને ઘણો જ આનંદ થાય છે, અને આપની સેવા બરદાસમાં કાંઈ પણ ત્રુટિ હોય, તેને માટે હું અંતઃકરણથી આપ ભાઈઓની માફી ચાહું છું.

# ઠરાવો

આ સભામાં આ પ્રકરણ અંગે વિસ્તારથી તેમજ ઉંડાણથી ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ સાત ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

૧. શ્રી શત્રુંજયના સંબંધમાં વેસ્ટર્ન ઈન્ડીઆ સ્ટેટસ એજન્સીના નામદાર ગવર્નર જનરલના એજન્ટ સાહેબે તા. ૧૨-૭-૧૯૨૬ના રોજ આપેલ ચુકાદાથી જૈન કોમમાં ભારે દુઃખ અને અસંતોષ ફેલાયો છે કારણ કે તે ચુકાદો જૈન કોમના પરાપૂર્વથી સ્થાપિત અને માન્ય થયેલા હકોને તદન ડુબાવનાર છે. અને તેથી સમગ્ર હિંદના જૈન કોમના પ્રતિનિધિઓની આ સભા તે સામે પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે. અને તે ચુકાદો જૈન કોમને માન્ય નથી એમ જણાવે છે.

૨. આ સભા શેઠ આણંદજી કલ્યાણજીને આગ્રહ કરે છે કે તેમણે દરેક જૈનને ફરમાવવું કે જ્યાં સુધી આપણને આ રખોપાના સવાલ તેમજ પવિત્ર શત્રુંજયની બીજી ચાલતી તકરારોના સંબંધમાં પુરતો અને સંતોષકારક ન્યાય ના મળે ત્યાં સુધી કોઈ પણ જૈને પાલીતાણે યાત્રાએ જવું નહિ અને વધુમાં દરેક સંઘને સુચવવું કે શ્રી સંઘની આ આજ્ઞાનો ચુસ્ત રીતે અમલ કરાવવો.

૩. આ સભા સંવત ૧૯૮૨ના શ્રાવણ સુદ ૭ને રવિવાર તા. ૧૫.૮.૨૬નો દિવસ આખા હિંદુસ્તાનમાં જૈનોને શોકનો દિવસ જાહેર કરે છે. અને જૈનોએ તે દિવસે તપશ્ચર્યા કરવી, સભાઓ બોલાવવી અને શત્રુંજય સંબંધી હાલની પરિસ્થિતિ સમજાવવી એમ ભલામણ કરે છે.

૪. આખા ભારતવર્ષમાં જૈનોએ ઐક્ય અને આત્મસંયમ બતાવ્યા છે તે પ્રશંસાપાત્ર છે. અને આ સભા આશા રાખે છે કે આપણામાં ધર્મસંકટ અને મહાન કસોટીના સમયમાં તેવી જ રીતે ઐક્ય અને આત્મસંયમ છેવટ સુધી જાળવાશે.

૫. સર્વ પૂજ્ય મુનિ મહારાજો તથા સાધ્વીજી મહારાજને આ સભા વિનંતિ કરે છે કે તેમણે પાલીતાણા યાત્રાએ ન જવાનો સર્વ જૈનોને ઉપદેશ આપવો.

૬. આ સભામાં થયેલ ઠરાવો પૈકી સંબંધ કરતા ઠરાવો મુંબઈના નામદાર ગવર્નર સાહેબને ત્યા નામદાર વાયસરોય સાહેબ અને નામદાર સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈન્ડીયાને મોકલાવવાની આ સભા શ્રીમાન પ્રમુખ સાહેબને સત્તા આપે છે.

૭. શ્રીમાન પ્રમુખ સાહેબે શાંતિ અને કાર્યકુશળતાથી આજની સભાનું કાર્ય સંતોષકારક રીતે બજાવ્યું છે તે માટે આ સભા તેમનો ઉપકાર માને છે.

ઉપરના તમામ ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

શ્રીમાન પ્રમુખ સાહેબે જણાવ્યું કે દેશાવરથી પધારેલ સદ્‌ગૃહસ્થોએ જે શ્રમ લીધો છે અને વખતનો ભોગ આપ્યો છે તેમને માટે શેઠ આણંદજી કલ્યાણજીની કમીટી અને શ્રી અમદાવાદના સંઘ તરફથી અને મારી પોતાની તરફથી તેમનો આભાર માનવામાં આવે છે તેમજ અહીંના સ્વયંસેવકો તરફથી શ્રીસંઘની વખતોવખત સારી સેવા બજાવાય છે માટે તેમને ધન્યવાદ આપવામાં આવે છે.

## યાત્રા બંદ રાખવાના સંદર્ભમાં થયેલ અન્ય કાર્યવાહી

### લડતમાં વેગ

આ સભા પછી યાત્રા-ત્યાગની લડત વધારે મજબૂત બની હતી અને શ્રીસંઘમાં આ લડતને સફળ બનાવવાનું એક પ્રકારનું પ્રેરક વાતાવરણ ઉભું થયું હતું.

આ સભા સંબંધી કાર્યવાહીના અનુસંધાનમાં એ જાણવું ઉપયોગી અને રસપ્રદ થઈ પડશે કે, આ પ્રશ્નની વિચારણા કરવા માટે, જૈન સંઘની જાણીતી સંસ્થા 'શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સે' પણ, સને ૧૯૨૬ના જુલાઈની ૩૧મી તથા ઓગસ્ટની પહેલી, બીજી તારીખો-એમ ત્રણ દિવસો માટે, પોતાનું ખાસ અધિવેશન કલકત્તાના સુપ્રસિદ્ધ અગ્રણી બાબુ બહાદુરસિંહજી સિંઘીના પ્રમુખપદે બોલાવ્યું હતું. આને લીધે સ્વાભાવિક રીતે જ યાત્રા-ત્યાગની જૈન સંઘની લડતને વિશેષ બળ મળ્યું હતું અને એમાં વેગ આવ્યો હતો.

## ત્રણ પરિપત્રો

અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ઉપક્રમે મળેલ સભાની કાર્યવાહીથી આપણા પૂજ્ય શ્રમણ સમુદાય, પૂજ્ય સાધ્વીજી મહારાજ અને સકળ જૈન સંઘને માહિતગાર કરવા માટે નીચે મુજબ ત્રણ પરિપત્રો શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈની સહીથી મોકલવામાં આવ્યા હતા.

### (૧)

### પૂજ્ય મુનિરાજો અને સાધ્વીજી મહારાજને વિનંતિ
### હિંદની સકળ જૈન સંઘની સભાનો ઠરાવ
### શ્રી શત્રુંજયની યાત્રા ત્યાગ.

આ ઉપરથી અમે અમારા શમદમાદિ અનેક ગુણગણાલંકૃત જંગમ તીર્થ સ્વરૂપ ધર્મધુરંધર પરમ પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિવરો તથા સાધ્વીજી મહારાજને અનેક વંદના સહિત વિદિત કરવાની રજા લઈએ છીએ કે આપણા મહાન પવિત્ર શત્રુંજયના રખોપા બાબતમાં હિંદુસ્તાનના પશ્ચિમ ભાગના દેશી રાજ્યોના નામદાર ગવર્નર જનરલના એજન્ટ મી. વોટસન સાહેબે આપણા શત્રુંજય સંબંધી પરાપૂર્વથી સ્થાપિત અને માન્ય થયેલા હકોને ડુબાવે તેવો ચુકાદો આપ્યાથી આખી જૈન કોમમાં દુઃખ અને અસંતોષની લાગણી ફેલાયેલી છે તેથી શેઠ આણંદજી કલ્યાણજીના સ્થાનિક પ્રતિનિધિઓ તથા સકળ હિંદના સંભાવિત ગૃહસ્થોની તા. ૨૭-૭-૧૯૨૬ના રોજ અમદાવાદ મુકામે મળેલી સભાએ આ ચુકાદા સામે પોતાનો સપ્ત વિરોધ જાહેર કરી, તેમજ જૈન કોમને માન્ય તે નથી એમ જણાવી સર્વાનુમતે એવો ઠરાવ કર્યો છે કે જ્યાં સુધી આપણને આ રખોપાના સવાલ તેમજ પવિત્ર શત્રુંજયની બીજી ચાલતી તકરારોના સંબંધમાં પુરતો અને સંતોષકારક ન્યાય ન મળે ત્યાં સુધી કોઈ પણ જૈને પાલીતાણે યાત્રાએ જવું નહી અને તેની સાથે એવો પણ ઠરાવ કર્યો છે કે પૂજ્ય મુનિ મહારાજો તથા સાધ્વીજી મહારાજને વિનંતિ કરવી કે તેમણે

પાલીતાણે યાત્રાએ ન જવાનો સર્વ જૈનોને ઉપદેશ આપવો. આવા મહાન ધર્મસંકટના પ્રસંગે પોતે શું કરવું અને શ્રી સંઘ દ્વારા શું કરાવવું એ હકીકતથી સંપૂર્ણ જ્ઞાત એવા આપશ્રીને અમારે વિનંતિ કરવાપણું નથી છતાં પણ લાગણીને આધીન થઈને અમે આપશ્રીને વિનવીએ છીએ કે શ્રી સંઘે કરેલા ઠરાવનો ગામેગામ અને શહેરેશહેરના સકળ સંઘ પાસે સંપૂર્ણ અમલ કરવાનો ઉપદેશ આપવા કૃપા કરશો.

*(સહી) લી. સેવક કસ્તુરભાઈ લાલભાઈની*
*૧૦૦૮વાર વંદના અવધારશોજી.*

## જાહેર ખબર

## હિંદના સકલ જૈન સંઘની સભાનો ઠરાવ

## શ્રી શત્રુંજયની યાત્રા-ત્યાગ

આ ઉપરથી સકળ હિંદના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ભાઈઓ અને બહેનોને ખબર આપવામાં આવે છે કે આપણા મહાન પવિત્ર તીર્થરાજ શ્રી શત્રુંજયના રખોપા બાબતમાં હિંદુસ્તાનના પશ્ચિમ ભાગના દેશી રાજ્યોના નામદાર ગવર્નર જનરલના એજન્ટ મી. વોટસન સાહેબે આપણા શ્રી શત્રુંજય સંબંધી પરાપૂર્વથી સ્થાપિત અને માન્ય થયેલા હકોને ડુબાવે તેવો ચૂકાદો આપ્યાથી આખી જૈન કોમમાં દુ:ખ અને અસંતોષની લાગણી ફેલાયેલી છે તેથી શેઠ આણંદજી કલ્યાણજીના સ્થાનિક પ્રતિનિધિઓ તથા હિંદના સકળ સંઘના સંભાવિત ગૃહસ્થોની તા. ૨૭.૭.૧૯૨૬ના રોજ અમદાવાદ મુકામે મળેલી સભાએ આ ચુકાદા સામે પોતાનો સખત વિરોધ જાહેર કરી તેમજ જૈન કોમને તે માન્ય નથી એમ જણાવી સર્વાનુમતે એવો ઠરાવ કર્યો કે જ્યાં સુધી આપણને આ રખોપાના સવાલ તેમજ પવિત્ર શત્રુંજયની બીજી ચાલતી તકરારોના સંબંધમાં પુરતો અને સંતોષકારક ન્યાય ન મળે ત્યાં સુધી દરેક જૈનને ફરમાવવું કે પાલીતાણા યાત્રા એ જવું નહીં. ઉપર પ્રમાણે યાત્રા ત્યાગના થયેલ ઠરાવ

અનુસાર સર્વે ભાઈઓને જણાવવાનું કે આ શ્રી સંઘની પવિત્ર આજ્ઞાને પોતાની ધાર્મિક ફરજ સમજી બરાબર પોતપોતાના ગામોમાં પાળવી અને પળાવવી અને આ ઠરાવનું પુરતી ચિવટથી પાલન થાય તેવું દરેક ગામના શ્રી સંઘે ખાસ ધ્યાન રાખવું.

કસ્તુરભાઈ લાલભાઈ
પ્રમુખ

આ સભામાં આવેલ ત્રીજા ઠરાવમાં જણાવ્યા મુજબ ૧૫મી ઓગસ્ટનો દિવસ શોક દિન તરીકે પાળવાનો જૈન સંઘને અનુરોધ કરવા માટે શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈની સહીથી નીચે મુજબ પરિપત્ર પ્રગટ કરવામાં આવ્યો હતો.

## હિંદુસ્તાનના સકળ જૈન સંઘની સભાનો ઠરાવ

તા. ૧૫-૮-૧૯૨૬ શોકનો ઠરાવવામાં આવેલો દિવસ

આથી સર્વે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ભાઈઓને ખબર આપવામાં આવે છે કે શ્રી શત્રુંજયની બાબતમાં શેઠ આણંદજી કલ્યાણજીના સ્થાનિક પ્રતિનિધિઓ તથા સકળ હિંદના સંભાવિત ગૃહસ્થોની સભા તા. ૨૭.૭.૧૯૨૬ના રોજ અમદાવાદ મુકામે મળી હતી તેમાં ઠરાવવામાં આવ્યું છે કે તા. ૧૫.૮.૧૯૨૬ શ્રાવણ સુદિ - ૭ રવિવારનો દિવસ જૈનોએ શોકના દિવસ તરીકે પાળવો અને તે દિવસ તપશ્ચર્યા કરવી, સભાઓ બોલાવવી અને શત્રુંજય સંબંધિ હાલની પરિસ્થિતિ સમજાવવી.

ઉપરના ઠરાવ અનુસાર આપ આપના ગામમાં વ્યવસ્થા કરાવશો અને સદરહુ ઠરાવનું બરોબર પાલન કરાવશો.

અમદાવાદ
તા. ૭ ઓગષ્ટ ૧૯૨૬

(કસ્તુરભાઈ લાલભાઈ)
પ્રમુખ

## યાત્રા અંગે થયેલ સમાધાન

તા. ૨૨-૫-૧૯૨૮ના રોજ યોજનામાં આવેલ વાટાઘાટોમાં ભાગ લેવા માટે પેઢીના નીચે મુજબ પાંચ વહીવટદાર પ્રતિનિધિઓ-(૧). નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઈ, (૨). શેઠ માણેકલાલ મનસુખભાઈ, (૩). શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ, (૪). શેઠ અમૃતલાલ કાળીદાસ અને (૫).શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઈ ઉપરાંત છઠ્ઠા જૈન સંઘના વગદાર અગ્રણી શેઠ કીકાભાઈ પ્રેમચંદ-એમ છ જૈન આગેવાનો, પોતાના કાયદાના બે સલાહકાર-(૧) શ્રી ચીમનલાલ હરિલાલ સેતલવાડ અને (૨) શ્રી ભુલાભાઈ જે. દેસાઈ સાથે - સમયસર સીમલા પહોંચી ગયા હતા.

જૈન સંઘના પ્રતિનિધિઓ, પાલીતાણાના દરબાર શ્રી બહાદુરસિંહજી અને એ બન્નેના સલાહકારો તેમ જ દિલ્હી સરકારના અમલદારો તથા નામદાર વાઈસરોય એ ત્રણેય પક્ષ વચ્ચે ત્રણ દિવસ સુધી થયેલી ત્રિપક્ષી વાટાઘાટોને અંતે, એક સમાધાનનો મુસદ્દો તૈયાર થઈ શક્યો હતો. એટલે, તા. ૨૬.૫.૧૯૨૮ના રોજ, હિંદના નામદાર વાઈસરોય અને ગવર્નર જનરલ લોર્ડ ઈરવિનની હાજરીમાં, એ સમાધાનના મુસદ્દા ઉપર સહી-સિક્કા થયા હતા અને છવ્વીસ મહિના જેટલા લાંબા સમય સુધી ચાલેલ આ કલેશકારક અને દુઃખદ પ્રકરણનો સુખદ અને સંતોષકારક અંત આવ્યો હતો.

આ સમાધાન થઈ ગયા પછી તરત જ નગરશેઠ શ્રી કસ્તુરભાઈ મણિભાઈએ એ વાતની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, અમદાવાદને જાણ કરતો નીચે મુજબ તાર કર્યો હતો.

**"Agreement signed today before Viceroy. All property rights secured. Approch to agency against Thakor sahebs executive orders secured. sum fixed sixty thousand for thirthy five years. yatra opens first June. inform all."**

અર્થ:- "આજે, નામદાર વોઈસરોયની હાજરીમાં, સમાધાન પર સહી-સિક્કા થઈ ગયા છે, મિલકતના હક્કો મેળવી લેવામાં આવ્યા છે. ઠાકોર સાહેબના અમલ કરવાના આદેશોની સામે એજન્સી પાસે પહોંચવાનો અધિકાર મેળવ્યો છે. રકમ ૩૫ વર્ષ માટે વાર્ષિક રૂપિયા સાઈઠ હજાર નક્કી કરવામાં આવેલ છે. યાત્રા ૧ લી જૂને ખૂલે છે. બધાને ખબર આપશો."

આજ રીતે સિમલાથી શેઠશ્રી સારાભાઈ ડાહ્યાભાઈએ પણ પેઢીની પાલીતાણા શાખાને નીચે મુજબ તાર કરીને સમાધાનના સમાચાર આપ્યા હતા-

· **"All our matters settled amicably. Yatra will probably open first june perticulars Postedh"**

અર્થ :- "બધાં મુદ્દાઓ અંગે સુલેહભર્યું સમાધાન કરવામાં આવ્યું છે અને યાત્રા, ઘણે ભાગે, પહેલી જૂને ઉઘડશે. વિગતો ટપાલમાં રવાના કરી છે."

આ તાર મળ્યા પછી પાલીતાણામાં હર્ષ અને ઉલ્લાસનું કેવું વાતાવરણ સર્જાઈ ગયું હતું, તે પાલીતાણા પેઢી મુનીમ શ્રી હરિલાલ કી. મહેતાના તા.૨૬-૫-૧૯૨૮ના અમદાવાદની પેઢી ઉપરના કાગળમાંના નીચે મુજબના ઉદ્ગારોથી જાણી શકાય છે -

"આ પ્રમાણે તાર અમને મળ્યો છે જે વાંચી અનહદ ખુશી થઈ છે. જેવો તારવાળો તાર આપવા આવ્યો તેવી જ વાત બધે પ્રસરવા માંડી અને ટોળેટોળા આપણી પેઢી ઉપર ખબર કાઢવા આવ્યા. વાત જાહેર થઈ અને અહીંના મહાજનના આગેવાનો, બારોટો તથા બીજા ઘણા માણસો પેઢી ઉપર આવ્યા અને ખુશાલીમાં સાકર વહેંચી ગળ્યાં મોં કરાવ્યા તથા ગામને દેરે આંગી રચાવી છે."

આ સમાધાનની છેલ્લી વાટાઘાટો વખતે સમાધાન સમિતિના એક સભ્ય અને પેઢીના વહીવટદાર પ્રતિનિધિ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ પરદેશ ગયેલા હતા. એમને જ્યારે આ સમાધાનના સમાચાર મળ્યા ત્યારે એમણે, પેરીસથી, તા. ૨૯-૫-૧૯૨૮ના રોજ, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અમદાવાદ ઉપર નીચે મુજબ તાર કર્યો હતો-

**"Please tender my congratulations to shrishngh for their firm stand which mainly contributed to satisfactory settlement"**

અર્થ :- 'મહેરબાની કરીને સમસ્ત શ્રીસંઘને મારાં અભિનંદન આપશો, કે જેમના મક્કમ વલણે સંતોષકારક સમાધાન સાધવામાં મુખ્યત્વે ફાળો આપ્યો છે.'

આમાં શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ યાત્રા-બહિષ્કારની લડતની સફળતાનો યશ સમસ્ત શ્રીસંઘને આપ્યો છે તે તેમની વિવેકદૃષ્ટિનું સૂચન કરે છે, એ કહેવાની જરૂર નથી. (શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનો ઈતિહાસ ભાગ-૧ માંથી)

## શ્રી શત્રુંજય મહાતીર્થના રખોપાના કરાર પછી પણ શ્રી શત્રુંજય પર્વત ઉપર લૂંટ ચલાવ્યાની એક દુર્ઘટના બની હતી.

કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કેપ્ટન બાર્નવેલની દરમ્યાનગિરિથી, સને ૧૮૨૧ની સાલમાં, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાલીતાણા રાજ્ય વચ્ચે, રખોપાનો બીજો કરાર થયો હતો, અને તે મુજબ શ્રી શત્રુંજય તીર્થ અને એના યાત્રિકોનું રક્ષણ કરવાની જવાબદારી પાલીતાણા રાજ્યે અદા કરવાની હતી વળી આ કરાર થયા પછી બીજા જ વર્ષે પાલીતાણાના રાજવીને પોતાનું રાજ્ય નગરશેઠ હેમાભાઈ વખતચંદને ત્યાં ગિરો મૂકવાની ફરજ પડી હતી અને એ ગિરોખત બે દાયકા સુધી ચાલુ રહ્યું હતું; આમ છતાં આ અરસામાં જ, એક બહારવટિયાએ, શત્રુંજયનાં દેરાસરોમાં લૂંટ કર્યાની ઘટના બની હતી. આ ઘટાનાનો નિર્દેશ સોરઠના પોલિટિકલ એજન્ટ કેપ્ટન એચ. વિલ્બરફોર્સ-બેલે લખેલ "History of Kathiawad From the Earliest Times" નામે સને ૧૯૧૬માં છપાયેલ પુસ્તક (પૃ. ૨૦૭-૨૧૦)માં કરવામાં આવ્યો છે, જેનો સાર આ પ્રમાણે છે.

ભાવનગરના ગોહેલ રાજવી વજેસિંહજી અને કાઠી કોમ અને એના જોગીદાસ ખુમાણ જેવા બહારવટિયા વચ્ચે લાંબા વખતથી વેરઝેર ચાલ્યાં આવતાં હતાં; અને તેથી ગામડાંઓ અને, ક્યારેક તો, શહેરો ,પણ બહારવટિયોના ત્રાસના ભોગ બની જતાં હતાં. આથી પ્રજા તો ત્રાસી ગઈ જ હતી, પણ રાજવી વજેસિંહજી પણ કંટાળી ગયા હતા. એટલે વિષ્ટિકારોની આશરે એક વર્ષ જેટલી લાંબી વાટાઘાટોને અંતે, સને ૧૮૨૯ (વિ.સં. ૧૮૮૫)માં, વજેસિંહજી અને કાઠીઓ વચ્ચે સમાધાન થયું હતું.

પણ આવું સમાધાન થયું હોવા છતાં, સાત વર્ષ બાદ એટલે કે સને ૧૮૩૬ (વિ.સં. ૧૮૯૨)માં, મહુવા પાસેના મોણપુર ગામના બહારવટિયા સાદુલ ખસિયાએ, પોતાના સાથી બહારવટિયા સાથે, પાલીતાણાના શત્રુંજય પહાડ ઉપરનાં શ્રાવકોનાં દેરાસરો ઉપર હલ્લ કરીને કેટલીક મિલ્કત લૂંટી લીધી હતી. આથી પાલીતાણા રાજ્ય અને શ્રાવક કોમે અંગ્રેજ સરકારની એજન્સીમાં ફરિયાદ કરીને આ બહારવટિયા ભાવનગરની એટલે કે

વજેસિંહજીની રૈયત છે, માટે વજેસિંહજીને આ નુકશાન ભરપાઈ કરી આપવાની અથવા ગુનેગારોને પોતાને સુપ્રત કરવાની ફરજ પાડવાની માગણી કરી. પોલિટિકલ એજન્ટને આ માગણી વાજબી લાગી, એટલે એમણે પોતાને ઠીક લાગે તે માગણી માન્ય રાખવાની ભાવનગર રાજ્યને વિનતિ કરી. અને આવી માગણી ભાવનગર રાજ્ય માન્ય રાખે એવું એના ઉપર દબાણ લાવવા માટે એમણે એના ઉપર મોહસલ એટલે દંડ પણ લાદ્યો હતો. આથી ભાવનગર રાજ્યે સાદુલ ખસિયાને દંડ કર્યો.

આ વખતે ગાયકવાડના અમેરલી મહાલ સામે બહારવટે ચડેલ ચરખાનો ચાંપરાજ વાળા સાદુલ ખસિયા સાથે હતો. એણે આવા દબાણને વશ થવાને બદલે પોતાનું અનુસરણ કરવા એને ઉશ્કેર્યો. જો એ એમ કરે, અને પોતાની યુક્તિ-પ્રયુક્તિ સફળ થાય, તો મહુવા એને પાછું મળી જાય, એવી લાલચ બતાવી સાદુલ ખસિયો આ લાલચમાં ઝડપથી ફસાઈ ગયો અને, પોતાના સાથીઓ સાથે, પોતાના આ મિત્ર (ચાંપરાજ વાળા)ની ટોળીમાં જોડાઈ ગયો.

પછી તો સાદુલ ખસિયાએ ઘણી લૂંટો કરી. એણે ગિરના ઘેરાં જંગલોને પોતાનું છુપાવાનું આશ્રયસ્થાન બનાવ્યું હતું. તેથી એને ગિરફતાર કરવાનું મુશ્કેલ બની જતું હતું. પણ છેવટે, જાણે એનાં પાપકમોનો છેડો આવી ગયો હોય એમ, એ જૂનાગઢ રાજ્યના ઉના જિલ્લાના મોથા ગામના એક કોળીના મકાનમાંથી પકડાઈ ગયો ! એજન્સીએ એની સામે કેસ ચલાવીને એને દસ વર્ષની સખ્ત કેદની સજા ફરમાવી. આ સજા અમદાવાદની જેલમાં ભોગવીને એ છૂટો થયો અને પોતાની શેષ જિંદગી એણે પોતાના ગામ મોણપુરમાં શાંતિથી પૂરી કરી.

આ ઘટના એક લોકકથારૂપે સચવાઈ રહી છે, અને એ માનવ મનમાં, આસુરી વૃત્તિઓની જેમ, દૈવી ગુણસંપત્તિ પણ છુપાયેલી હોય છે અને કોઈક અવસરે એ પ્રગટ પણ થઈ જાય છે, એ વાતની સાક્ષી પૂરે છે. એની વિગત જાણવા જેવી હોવાથી અહીં નીચે આપવામાં આવે છે.

સાદુલ ખસિયાએ, પોતાના બહારવટિયા સાથીઓ સાથે, શ્રી શત્રુંજય તીર્થના પહાડ ઉપરનાં જૈનધર્મનાં દેરાસરો ઉપર પોતાનો ગોઝારો પંજો ઉપાડ્યો અને દેવમૂર્તિઓનાં આભૂષણો લૂંટી લીધાં; અને જાણે આટલું ઓછું હોય એમ, એણે ભગવાન ઋષભદેવની પ્રતિમાના ભાલ-કપાળમાં આવેલ રત્નજડિત ટીકો-તિલકમણિ પણ, ધગધગતી સાણસીનો ઉપયોગ કરીને, ઉખાડી લીધો ! પછી એ લૂંટારાઓએ આ લૂંટનો ભાગ વહેંચી લીધો; એમાં આ તિલકમણિ સાદુલ ખસિયાના ભાગમાં આવ્યો. એને વેચીને કે વટાવીને નાણાં ઉભાં કરી શકાય એમ તો હતું નહીં અને એને સાથે રાખીને વન-વગડામાં રઝળતા - ભાગતા ફરવામાં તો એ ગૂમ થઈ જવાનું જોખમ હતું; એટલે ખસિયાએ એ અમૂલ્ય તિલકમણિને નાંદીવેલાના ડુંગરની કોઈક ગુફામાં છુપાવી દીધો !

એ સમય નગરશેઠ હેમાભાઈનો સમય હતો. અંગ્રેજ રાજશાસનમાં તેઓ મોટો મોભો અને ઘણી લાગવગ ધરાવતા હતા. એમણે પોતાના પ્રાણપ્રિય તીર્થ ઉપર ધાડ પડ્યાની અને પોતાના દેવાધિદેવની આભૂષણો લૂંટાઈ ગયાની દાદ માગી. એટલે ભાવનગર રાજ્યના અને અંગ્રેજોના લશ્કરે સાદુલ ખસિયા, એના સાથી ચાંપરાજ વાળા અને એમના સાથીઓને હિરાસતમાં લેવા કમર કસી અને એ માટે એવી નાકાબંધી કરી કે એમની નજરમાંથી એક ચકલુંય છટકી ન શકે.

આવા બધા રઝળપાટથી થાકી - પાંકીને, એક દિવસ, સાદુલ જૂનાગઢની હદમાંના એક ગામમાં એક કોળના ઘરમાં બેઠો હતો; એવામાં ત્યાં એક બાવાજી આવી ચડ્યા. એમને સાદુલે પોતાને આવી યાતનાઓ કયા કર્મને લીધે વેઠવી પડે છે, એ પૂછ્યું. બાવાજીએ એને વાતનો મર્મ સમજાવતાં કહ્યું : 'સાદેલજી ! તમારાથી કોઈ દેવસ્થાનની, કોઈ બ્રહ્માણની, કોઈ ગાયની અથવા કોઈ સંત-સતીની કનડગત થઈ ગઈ હશે કે એમની આમન્યા લોપાઈ ગઈ હશે. તેનું જ આવું આકરું ફળ ભોગવવાનો વખત આવ્યો હશે ! વિચારશો અને આવું જે કંઈ પાપ કર્યાનું સાંભરી આવે એનું પ્રાયશ્ચિત કરશો. આ રીતે જ તમારા ઉપર વરસી રહેલો દુઃખનો દાવાનળ શાંત થઈ શકશે.'

બાવાજીની વાત સાંભળીને, અંધકારઘેર્યા અંતરમાં જાણે વીજળીના ઝબકારાનો પ્રકાશ રેલાઈ જાય એમ, ખસિયાને પોતે શ્રી શત્રુંજયનાં દેવસ્થાનોની કરેલી લૂંટનો અર્થાત્ દેવ અને દેવસ્થાનની આમાન્યાનો લોપ કર્યાનો પ્રસંગ યાદ આવી ગયો, અને એનું મન, ગમે તેમ કરીને અને વહેલાંમાં વહેલી ઘડીએ, આ પાપને ધોઈ નાખવા ખૂબ ઉત્સુક બની ગયુ સને ૧૮૪૦ની એ વાત.

પણ આ પાપનું પ્રાયશ્ચિત કરવાની સાદુલને તક મળે તે પહેલાં જ એ અને ચાંપરાજ વાળા ગિરફતાર થઈ ગયા. એમના ઉપર કેસ ચાલ્યો અને સાદુલને દસ વર્ષની અને ચાંપરાજ વાળાને જન્મકેદની, મજુરી સાથેની, સખ્ત સજા થઈ. અને આ કેદની સજા ભોગવવા એમને અમદાવાદની જેલમાં લઈ જવામાં આવ્યા.

જેલામાં પણ, ક્યારેક શાંતિ અને નિરાંતની પળોમાં, સાદુલને પોતે દેવ અને દેવસ્થાનની આમાન્યાનો ભંગ કર્યાનું પાપ સાંભરી આવે છે; અને હવે, અહીં જેલમાં રહ્યા રહ્યા, એ પાપને ધોઈ નાખવાનું કામ કેવી રીતે થઈ શકે એના ઉંડા વિચારમાં એ ઉતરી જાય છે; અને આ પાપનો ભાર વેઠતાં રહી જ પોતાને આ જિંદગી પૂરી કરવી પડશે અને આવતી જિંદગી પણ બરબાદ થઈ જશે : આવા આવા વિચારોથી એ ખૂબ બેચેન અને અધીરો બની જાય છે. અને છતાં આ માટે શું કરવું એનો માર્ગ અને સાંપડતો નથી. એમ ને એમ સમય વહેતો રહે છે.

પણ, એક અંધારી રાતે, સાદુલની આ બેચેની અસહ્ય બની ગઈ; અને એણે જેલના આરબ મંત્રીને બોલાવીને, જેલના ક્માનને અત્યારે જ પોતાની પાસે બોલાવી મંગાવવાની આજીજીભરી વિનંતી કરી. સાદુલના અંતરમાં ઘોળાઈ ઘોળાઈને બહાર આવેલી આ વિનતિ કઠોર હૃદયના મંત્રીના ચિત્તનેય સ્પર્શી ગઈ અને એણે તરત જ, એક સિપાહીને મોકલીને, જેલના ઉપરી અધિકારી કેપ્ટન મિલને ત્યાં બોલાવી મંગાવ્યા.

પડછંદ કાયા ધરાવતા મિ.મિલ, પળવાર માટે, આ સિંહ સમા નરશાર્દૂલ સાદુલ ખસિયાને નીરખી રહ્યા. પછી એમણે લાગણીપૂર્વક પૂછ્યું : 'બોલો સાદુલજી ! મને અત્યારે આવી મધરાતે - શા માટે યાદ કર્યો ?'

અને પોતાના કોઈ સ્વજનને જોઈને દુઃખી માનવીના દુઃખિયારા અંતરનો બંધ છૂટી જાય, એવી અદમ્ય લાગણીએ, લોહપુરુષ જેવા ખસિયાને પણ જાણે પરવશ બનાવી દીધો ! અને એણે એક પાપનો એકરાર કરવા તૈયાર

થયેલ સામાન્ય માનવીની જેમ, પોતાનાં જાત - જાતનાં વીતકોની કથા માંડીને કહેવા માંડી. અંગ્રેજ અમલદાર પણ આવા પરાક્રમી પુરુષની આપવીતી અને દુઃખકથા ખૂબ સહાનુભૂતિથી સાંભળી રહ્યો - છેવટે એય એક માનવી જ હતો ને !

પોતાની આ આપવીતીને અંતે, જાણે પોતાના મનમાં લાંબા વખતથી ઘોળાયા કરતી ઈચ્છાને પ્રગટ કરતો હોય એમ, સાદુલ ખસિયાએ કેપ્ટન મિલને વિનતિ કરી : 'કપ્તાન સાહેબ! મેં કરેલું મોટું પાપ થોડુંક પણ દૂર થાય અને મારા જીવને શાંતિ થાય એટલા માટે મેં નાંદીવેલના ડુંગરની ગુફામાં સંતાડેલા પેલા તિલકમણિની ત્યાં શોધ કરીને, અને એને મેળવીને શત્રુંજયના ડુંગરના ઉપરના એ દેવસ્થાનમાં પાછો મોકલવી આપવાની આપ મહેરબાની કરશે ! તો મારા જીવને ખૂબ સંતોષ થશે અને હું હંમેશને માટે આપનો અહેસાન માનીશ.'

આ ઘટના અહીં જ પૂરી જાય છે, એટલે પછી એ તિલકમણિનું શું થયું તે તો જાણી શકાયું નથી. છતાં જેલમાંથી છૂટ્યા પછી, સાદુલ, પોતાના વતન મોણપુરમાં, પોતાની શેષ જિંદગી, શાંતિ અને સંતોષ સાથે, ધર્મનાં અને બીજાં સારાં સારાં કામોમાં વિતાવી શક્યો તે પોતાના પાપનું પ્રાયશ્ચિત કરવાની આવી ઉત્કટ ભાવનાનું જ જાણે ફળ હોય એમ જ માનવું પડે !

સાદુલ ખસિયાએ શત્રુંજય ઉપર પાડેલી આ ધાડ માટે ભાવનગર રાજ્ય સામે ઘા નાખવામાં પાલીતાણા રાજ્યે શ્રાવકોને પૂરતો સાથ આપ્યો હતો તે, સને ૧૮૨૧ના, વાર્ષિક રૂા. ૪૫૦૦/-ના રખોપાના બીજા કરારમાં પાલીતાણા રાજ્યે આપેલી બાંહ્યધરીના કારણે જ આપ્યો હતો એમ લાગે છે, આ બાંહ્યધરીવાળું લખાણ આ પ્રમાણે છે.

'સંઘ અગર પરચૂરણ લોક જાત્રાએ આવશે તેની ચોકી પોરાની ખબરદારી અમે સારી પેઠે રાખીશુ ને જાત્રાલુ લોકને કશી વાતે ઈજા પોચવા દેસુ નહી. અગર કોઈ લોકનું નુકશાન ચોરીથી થાસે તો તેનું વલતર કરી આપીશું. આફત ફૂતુર આસમાની સુલતાની મુજરે આપીશું.'

આ લખાણના છેલ્લા વાક્યમાં સૂચવ્યા પ્રમાણે, સાદુલ ખસિયાની લૂંટથી શ્રી શત્રુંજય તીર્થને જે નુકશાન થયું હતું, તે ભરપાઈ કરી આપવાની જવાબદારી પાલીતાણા રાજ્ય ઉપર આવતી હતી. એટલે આની સામે ભાવનગર રાજ્ય પાસે દાદ માંગવવામાં જૈનોને સાથ આપવાથી પાલીતાણા રાજ્ય આ જવાબદારીમાંથી બચી ગયું હતું.

# ગિરિરાજની જયતળેટીના ઉપરના હિસ્સામાં સ્થિત ધનવસહી ટૂક

*(ચાલુ વરસે જેનો સવાસોમો પ્રતિષ્ઠા દિવસ ઉજવાયો હતો)*

*કહેવાય છે કે, મોટા મોટા અડાબીડ જંગલો અને સઘન અટવીઓના સર્જનના મૂળમાં નાનકડી ગણાતી ખિસકોલીઓનો ફાળો રહેલો હોય છે. એક તરફ ખિસકોલીની નાનકડી-વામણી કાયા જોઈએ અને બીજી તરફ જંગલો-અટવીઓની વિરાટતા પર નજર સ્થિર કરીએ, તો એવું આશ્ચર્ય થયા વિના ન રહે કે, નાનકડી ખિસકોલીઓ વળી આવું વિરાટ સર્જન કઈ રીતે કરી શકે ? જવાબ બુદ્ધિગમ્ય બને એવો છે. ખિસકોલીઓનો સ્વભાવ એવો સંગ્રહશીલ હોય છે કે, ખાવા માટે અનાજ આદિના દાણા, ફળના બીજ વગેરે મોઢામાં છૂપાવીને એ જમીનમાં ઠેરઠેર દાટી દે. પછી દાણા દાટ્યાં હોય, એ જગા એ ભૂલી જાય. ધરતીમાં ધરબાયેલા એ બીજ પર પાણી વરસે, એટલે મૂળિયું દૃઢમૂલ બને. એમાંથી ધીરે ધીરે વૃક્ષો ઉગે અને વૃક્ષો અંતે જંગલમાં ફેરવાળ જાય. આ સંદર્ભમાં નાનકડી ખિસકોલીને વિરાટ જંગલની સર્જક તરીકે બિરદાવી શકાય. બરાબર આ જ રીતે મોટી મોટી સિદ્ધિઓનું સર્જક-બળ ઘણીવાર નાના નાના સંકલ્પોને ફાળે જતું હોય છે. સંકલ્પનું બીજ વવાય, ત્યારે એવી કલ્પના પણ ન આવી શકે કે, આ બીજનું ભાવિ વિરાટ વડલો હોઈ શકે ?*

*શત્રુંજય-ગિરિરાજની ગોદમાં આજે જોવા મળતું એક વિરાટ સર્જન એટલે જ* **શેઠાણી મેહતાબ કુમારી દુગડ જિનેન્દ્ર પ્રસાદ ! જે ધનવસી ટૂક અને બાબુ દેરાસરના નામે પણ ઓળખાય છે.** *આ સર્જનની વિરાટતા બંધ આંખે પણ કલ્પી શકાય એવી છે, તો એકાદ જિનપ્રતિમાની જ પ્રતિષ્ઠાના સંકલ્પની વામનતા પણ સહેજે સમજાઈ જાય એવી છે. પણ સર્જન કઈ રીતે થવા પામ્યું, એનો ઈતિહાસ રોમાંચક અને સંકલ્પની સમર્થતાનો સાક્ષાત્કાર કરાવી જાય એવો હોવાથી જાણવા-માણવા જેવો છે.*

*સિદ્ધગિરિરાજના શિખરો ઉપરાંત ભારતભરના અનેક જિનમંદિરમાં પણ 'સિદ્ધાચલગિરિ ભેટ્યા રે ધન્ય ભાગ્ય અમારા' આ ધ્રુવકડી ધરાવતા સ્તવનનો સાદ આજેય ગુંજતો રહેલો સાંભળવા મળે છે. આ સ્તવનની છેલ્લી*

કડીમાં વર્ણિત ૧૮૮૩ની સાલમાં મુર્શિદાબાદ (બંગાળ) નિવાસી રાયબહાદુર શ્રીપ્રતાપ-સિંહજીનું સંઘ લઈને પાલિતાણામાં આગમન થયું, ત્યારે ભક્તિના માહોલથી ભાવિત બનેલી એમની ધર્મપત્ની મેહતાબકુમારીના દિલનો દરિયો એવી ભાવનાથી તરંગિત બની ઉઠ્યો કે, આ તીર્થભૂમિમાં એકાદ જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરવાનો ક્યારે લાભ મળે ?

**'સંવત અઢાર ત્યાસી માસ અષાઢો,વદિ આઠમ ભોમવારા**
**પ્રભુજી કે ચરણ પ્રતાપ સે સંઘ મેં ખીમારતન પ્રભુ પ્યારા'**

સ્તવનમાં આ મારી વર્ણિત સાલ અને સંઘમાં શેઠાણી મેહતાબકુમારીએ ભાવેલી ભાવનાના એ ઘડી - પળ એવા બડભાગી હશે કે, જેથી એ ભાવના વહેલીમોડી ફલિત બન્યા વિના જ રહે. સંઘની સમાપ્તિ બાદ દાદા યુગાદિ દેવના ચરણે શેઠાણી મેહતાબકુમારીએ એ રીતે ગદગદિત બનીને ભાવનાને સંકલ્પરૂપે સુદૃઢ કરી કે, દાદા એવી કૃપા-દૃષ્ટિની વૃષ્ટિ કરજો કે, મારી ભાવના વહેલી મોડી પણ સફળ થાય.

પ્રભુ-પ્રતિમાજીને પ્રતિષ્ઠિત કરવાની ભાવનાને સંકલ્પરૂપે સુદૃઢ બનાવીને મેહતાબકુમારી તો સંઘ-સ્વજનોની સાથે પાલિતાણાથી વિદાય થઈ ગયા. મુર્શિદાબાદ આવ્યા બાદ રાયબહાદુર પ્રતાપસિંહ તો કોઈ રાજ-રજવાડા જેવાં દોરદમામ ધરાવતાં જીવનની ઘટમાળમાં ગુંથાઈ ગયા, મહેતાબકુમારીની ભાવનાને સફળ બનાવવા માટેની કાર્યવાહીને ઝડપભેર આગળ વધારી ન શક્યા અને એઓ થોડા સમય બાદ સ્વર્ગવાસી બની ગયા. પરંતુ મહેતાબકુમારી તો મનોમન પોતાની ભાવનાનું ગીત-ગુંજન કરતા જ રહ્યાં. થોડો સમય આમ ને આમ વિતી ગયો. અવારનવાર તેઓ પોતાની ભાવના પુત્ર ધનપતસિંહજી આદિ કુટુંબ સમક્ષ દોહરાવતાં જ રહ્યા. એક દહાડો બીમારીના બિછાને પોઢેલા એમનો એવો ભાસ થવા માંડ્યો કે, ભાવના હજી પૂરી થઈ નથી, કદાચ જીવન પૂરું થઈ જાય તો નવાઈ નહિ. વળી થોડા દિવસો પસાર થઈ ગયા. મૃત્યુનો ઓછાયો હવે નજીક અને નજીક આવી રહેલો જણાતો હતો. પણ મહેતાબકુમારી માટે ચિંતાનો વિષય તો પોતાની અધૂરી રહેલી ભાવના જ હતી, મૃત્યુ નહિ.

મહેતાબકુમારીને થયું કે, અંતિમ અરમાન રૂપે આ ભાવના ધનપતસિંહજી આદિ પરિવાર સમક્ષ વ્યક્ત કરી દઉં, જેથી વહેલીમોડી મારી ભાવના પરિપૂર્ણ થયા વિના નહિ જ રહે. એમણે પરિવાર સમક્ષ ગદગદ અંતરે ભાવનાનું પ્રગટીકરણ કરતા જણાવ્યું કે, મારી ધારણા તો એવી હતી કે, પાલિતાણામાં એકાદ પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવાની ભાવના પૂર્ણ થયા બાદ જ જીવનયાત્રા પૂર્ણ થશે. પણ હવે એમ લાગે છે કે, અધૂરી ભાવનાને સાથે લઈને જ હું પરલોકના પંથે ચાલી નીકળીશ. ભાવનાપૂર્તિ થઈ હોત, તો તો સંતોષ સાથે હું વિદાય થાત, પણ તમે મારી ભાવના પૂર્ણ કરશો જ, એવો વિશ્વાસ હોવાથી ઠીકઠીક સંતોષાનુભૂતિ પૂર્વક મારી જીવનયાત્રા પૂર્ણ થવા પામશે.

અંતિમ અરમાન વ્યક્ત કરતાં કરતાં પણ માતાજી મહેતાબકુમારીના મુખ પર જે પ્રસન્નતા છવાઈ જવા પામી, એ જોઈને ધનપતસિંહજીને થયું કે, માતાજીની ભાવના -પૂર્તિ થવા પામી હોત, તો અત્યારે માતાજીના મુખ પર ખીલેલાં પુષ્પ જેવી અદ્‌ભુત પ્રસન્નતાનું દર્શન કરવા હું ભાગ્યશાળી નીવડત. એમણે મનોમન ગાંઠ વાળી કે, હવે તો વહેલી તકે આ ભાવનાપૂર્તિ માટે જે કરવું પડે, એ કરીને પછી જ જંપીને બેસીશ. એમણે વચનબદ્ધ બનતા જણાવ્યું કે, આપની ભાવના હું ગમેતેમ કરીને પણ હવે વહેલી તકે પૂર્ણ કરીશ. એ વાતનો અજંપો મને સાલ્યા જ કરશે કે, આપની ભાવના પૂર્તિ માટે આજ સુધી જોઈએ તેવો જોરદાર પ્રયત્ન ન થવા પામ્યો. આ આરાધના પ્રાયશ્ચિત તરીકે હવે માત્ર પ્રતિમાજીની પ્રતિષ્ઠા જ નહિ, પણ સુંદર જિનમંદિરના નિર્માણપૂર્વક પ્રભુપ્રતિષ્ઠા માટે હું સંકલ્પબદ્ધ બનું છું.

આ જાતની સંકલ્પ-બદ્ધતાનો સુદઢ સાદ સાંભળીને મહેતાબકુમારી ધન્યધન્ય બની ગયા, એ ધન્યતા નિહાળીને ધનપતસિંહજીની પ્રસન્નતાને પણ કોઈ આરો - ઓવારો ન રહ્યો. આવી વચનબદ્ધતાની ફલશ્રુતિરૂપે જાણે ભાવનાપુર્તિ જ થઈ જવા પામી હોય, એવા પરિતોષ-સંતોષ સાથે એક દહાડો મહેતાબકુમારી શેઠાણીએ આ વિશ્વમાંથી વિદાય સ્વીકારી. આ પછીના દિવસોમાં ધનપતસિંહજી તથા એમના ભાઈ લખપતસિંહજી બન્ને ભાઈઓ એકદમ સક્રિય બની ગયા. એઓ બનતી ઝડપે પાલિતાણા પહોંચી ગયા. સૌ

પ્રથમ તો એમણે માતાજીની આંશિક ભાવનાપૂર્તિ માટે એકાદ પ્રતિમાજી ગિરિરાજ પર પ્રતિષ્ઠિત કરી શકાય, એ માટેનો પ્રયાસ આદર્યો ઠીકઠીક પ્રયાસો કરવા છતાં પરિણામને ધારી સફળતા ન મળી, ત્યારે એમણે મનોમન નક્કી જ કરી નાંખ્યું કે, ગિરિરાજ પર જો મનપસંદ જગા મળી જાય, તો નાનકડાં દેરાસરનું જ નિર્માણ કરવું, જેથી માતૃઋણમાંથી મુક્ત બન્યાનો આનંદ મન ભરીને માણી શકાય.

તે વખતે પાલિતાણામાં ઠાકોરનું રાજ્ય ચાલતું હતું . ધનપતસિંહજીને થયું કે, મોકાની જગા મેળવીને સુંદર મંદિર બંધાવવું હોય, તો સૌ પ્રથમ ઠાકોર સાથે સારો સંબંધ બાંધવો જ પડે. તો જ માતાજીની ભાવના સારી રીતે પરિપૂર્ણ થવા પામે. પિતા પ્રતાપસિંહજી થોડા વર્ષો પૂર્વે સંઘ લઈને પાલિતાણા આવ્યા હતા, એથી એમની નામના-કામના તો પાલિતાણામાં ફેલાયેલી જ હતી. પિતાની આ પ્રતિષ્ઠાનો લાભ ધનપતસિંહજીને પણ મળે એમ હતો. એથી ખૂબ જ થોડા પ્રયાસમાં ઠાકોર સાથે એમનો ઘરોબો કેળવાઈ ગયો. ઠાકોર સાથેની મિત્રતા ઘનિષ્ઠ બની ગયાની પ્રતીતિ થતા જ એક દિવસે એમણે માતાજીની ભાવના ઠાકોર સમક્ષ મુક્ત મને વ્યક્ત કરી.

ધનપતસિંહજીના હૈયાની વાત જાણીને ઠાકોરે સામેથી એવી ઉદારતા દર્શાવી કે, આપણે તળેટી-વિસ્તારમાં જગાની પસંદગી માટે જઈએ, જ્યાં તમારી આંખ ઠરે, એ જગા સોનાની લગડી જેવી કીમતી હોય, તોય તેને તમારી ગણીને તમે ત્યાં મંદિરનું નિર્માણ કરી શકો છો. ચાલો, આપણે અત્યારે જ જગા જોવા જઈએ.

ઠાકોરની આવી ભાવના અને તૈયારી જોઈને ધનપતસિંહજી પ્રસન્ન બની ગયા. એમને થયું કે, એવી જગા પસંદ કરવી કે, જ્યાં નિર્માણ પામેલું મંદિર માતાજીની ભાવનાના ભવ્ય-મંદિર તરીકે જનજનના મનમાં પ્રતિષ્ઠિત થઈ જવા પામે. હૈયાની ધરતી પર જે ભવ્યમંદિર સ્વપ્નરૂપે અવતરિત થઈ ચૂક્યું હતું, એથી પણ સવાયું મંદિર જે ધરતી પર અવતરિત કરી શકાય, એવો ધરતીનો ટૂકડો શોધવા ઠાકોર અને ધનપતસિંહજી ગિરિની તળેટીએ આવી પહોંચ્યા. જ્યાં અત્યારે 'જય તળેટી' છે, એની ઉપરનો ગિરિપ્રદેશ ત્યારે

સાવ ખાલી હતો, એની પર પહેલી નજર પડતાં જ એમની આંખ નૃત્ય કરી ઉઠી. એકદમ મોકાની આ જગા હતી, ધનપતસિંહજી એકવાર તો સાશંક બની ગયા કે, આ જગા પર પસંદગી ઉતારું, તો ઠાકોર એમ નહિ કહેને કે, હજી આગળ - પાછળ ઉપર-નીચે નજર કરો, કદાચ આનાથી પણ વધુ સારી જગા મળી જાય !

આવી આશંકાને અંતરમાં જરાય અવકાશ આપ્યા વિના જ ધનપતસિંહજીએ પસંદ પડેલી એ ધરતીની એ રીતે આરતી ઉતારવા માંડી કે, ઠાકોર એમની પસંદગી કળી જઈને બોલી ઉઠ્યા કે, ધનપતસિંહજી ! એમ લાગે છે કે, આ જગા તમારા જિગરમાં વસી ગઈ છે. તો આ જગા તમને આપી ! માતાજીની ભવ્ય ભાવના અહીં મંદિરના રૂપમાં અવતરિત થાય, એમાં હું રાજી છું. બોલો, આ સિવાય બીજી શી અપેક્ષા છે ? ગિરિરાજ પર તો મંદિરોની નગરી શોભી રહી છે. એ દેવનગરીનાં દ્વાર તરીકે શોભી શકે, એવું ભવ્ય મંદિર અહીં બનાવજો. જેથી આ દ્વારના દર્શને યાત્રિક દેવનગરીની દિવ્યતા-ભવ્યતાનું હૂબહૂ કલ્પના-દર્શન પામી શકે.

જય તળેટી ઉપરનો ગિરિપ્રદેશ પસંદ પડી જતા જ ત્યાં મંદિરના નિર્માણનો નિર્ણય લેવાઈ ગયો. ધનપતસિંહજીની ધર્મભાવના જોઈને અંતરથી ઓળઘોળ બનેલા ઠાકોરની ભક્તિભાવના પણ ઉછાળો મારવા માંડી હતી. પૈસાનો પ્રશ્ન આવતા જ એમણે જણાવ્યું કે, તમે આટલો પણ લાભ મને નહિ આપો શું ? જ્યાં દેરાસરનું નિર્માણ થવાનું હોય, એ ધરતીનું વેચાણ કરવું, મને શોભે ખરું ? માટે ભેટ તરીકે જ તમારે મારું આટલું ભેટણું સ્વીકારવું જ પડશે.

તળેટીના પ્રદેશમાં જ મોકાની જગા મળી જતા ધનપતસિંહજીનું અંતર નાચી ઉઠ્યું. વિરાટ-દેવનગરીનું દ્વાર બની શકે, એવી જગા મળી ગઈ હોવાથી ધનપતસિંહજી દિલ-દિમાગમાં એવું સ્થાપત્ય સ્વપ્નરૂપે રમવા માંડ્યું કે, જેને યાત્રિકો દેરી કે દેરાસર જ નહિ, ટૂક રૂપે આવકાર્યા વિના ન રહે. પ્રેરક બળ તરીકે એકાદ પ્રભુજીની પ્રતિષ્ઠા ભાવના જેમ પાયામાં પૂરાઈ હતી. એવા મંદિરનો શુભારંભ અને પ્રતિષ્ઠા મહોત્સવ એવી શુભ ઘડી પળે થવા પામ્યો કે, સદીઓ સુધી જે મંદિરો પર ધર્મધ્વજાઓ લહેરાતી જ રહે.

લગભગ દશકા સુધી મંદિરનું કાર્ય ચાલતું જ રહ્યું. ઘણા અવરોધો આવ્યા, ઠીકઠીક પડકારો જાગ્યા, પણ ધનપતસિંહજી એ બધાની વચ્ચે અડોલ-અણનમ જ રહ્યા, આગળ જતા છેલ્લે છેલ્લે સં. ૧૯૪૯માં મુહૂર્ત વિષયક એક એવો પડકાર ઉભો થયો કે, એ પડકારનો પ્રચંડ પ્રતિકાર તો ધનપતસિંહજી જેવા ધર્મનિષ્ઠ જ કરી શકે. આ સાલમાં પ્રતિષ્ઠાનો નિર્ણય લેવો જ પડે એમ હતો. એમાં પણ મુહૂર્ત તરીકે બે જ દિવસોમાંથી એક પર પસંદગી ઉતારવી પડે એમ હતી. મહા સુદ ૧૦ના મુહૂર્ત પર પસંદગી ઉતારવામાં આવે, તો મંદિરના સર્વતોમુખી વિકાસ થવાના ભાવિ લેખ પર કોઈ મેખ મારી શકવા સમર્થ નીવડી શકે એ શક્ય જ નહોતું. જ્યારે બીજું મુહૂર્ત પસંદ કરવામાં આવે, તો પ્રતિષ્ઠાકારક પરિવારની પ્રગતિમાં કોઈ અવરોધક બની શકે એમ નહોતું. આમ, ખરેખરી કટોકટી અને કસોટીની આ પળ હોવા છતાં વારસ-પરિવાર કરતા આરસ-મંદિરની આબાદીને જ અગ્રગણ્યતા આપીને ધનપતસિંહજીએ બીજા કોઈ વિકલ્પને સ્વપ્નેય અવકાશ આપ્યા વિના મહા સુદ ૧૦ના મુહૂર્ત પર પસંદગી ઉતારીને ધામધૂમથી પ્રતિષ્ઠા ઉજવી, જેના પ્રભાવે આજથી થોડા જ વર્ષો પૂર્વે જેનો શતાબ્દી-મહોત્સવ ઉજવાયો, એ શેઠાણી મહેતાબકુમારી જિનેન્દ્ર પ્રસાદ - ધનવસી ટૂંક - બાબુના દેરાસરની દિન-પ્રતિદિન વર્ધમાન બનતી જતી પ્રગતિ - યાત્રાથી આજે આપણે સૌ સુપરિચિત જ છીએ.

પાલિતાણા-શત્રુંજય ગિરિરાજની યાત્રાર્થે આવતા ભારતભરના યાત્રિકો જ્યાંથી યાત્રાનો શુભારંભ કરે છે, એ જયતળેટીથી જેનું પુણ્યદર્શન થાય છે, એ ધનવસીની ટૂકથી જેટલા યાત્રીઓ પરિચિત હોય છે, એટલા જ એની સર્જક-પ્રેરક વ્યક્તિ-ભક્તિથી પરિચિત નથી હોતા, પણ આ ઈતિહાસની સુવાસ માણ્યા પછી તો સૌની આંખ સમક્ષ-શત્રુંજયમાં પ્રતિમાજીની પ્રતિષ્ઠાનો લાભ લેવાની ભાવના ભાવતાં ભાવતાં સ્વર્ગવાસી બનેલા માતા મહેતાબકુમારી, ભાવનાપૂર્તિ માટે વચનબદ્ધ બનેલા પુત્ર ધનપતસિંહજી, પ્રતિમા-પ્રતિષ્ઠાથી આગળ વધીને ટૂક સમા વિરાટકાય મંદિરનું નિર્માણ, અને પોતાના પેઢી-

પરિવારના ભવ્ય-ભાવિનો જરા પણ વિચાર કર્યા વિના મંદિરના જ ભવ્ય - ભાવિ માટે મહા સુદ - ૧૦ના મુહૂર્તે પ્રતિષ્ઠા કરનાર દુગ્ગડ પરિવાર : આ બધી પ્રેરક સ્મૃતિઓ સજીવન બની ઉઠ્યા વિના નહિ જ રહે.

આબુતીર્થ પર એકાદ પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવાની વડીબંધુ લુણિગની ભાવનાની ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે પૂર્તિ કરનારા વસ્તુપાલ-તેજપાલનો ઈતિહાસ તો ઘણો જૂનો ગણાય, એ ઈતિહાસનું પુનરાવર્તન કરનારા રાયબહાદુર ધનપતસિંહજીને થયા ને હજી કઈ ઘણો લાંબો સમય ગાળો વિત્યો નથી. સો-દોઢસો વર્ષ પૂર્વેના સ્થળ-કાળમાં સૂર્યની અદાથી સમ્રાજ્ય હતો, એનું દર્શન અંતરની આંખોને અહોભાવ અને આનંદથી છલકાવી જાય એવું છે.

ધનપતસિંહજીએ પાલિતાણામાં ધનવસી ટૂક ઉપરાંત ગિરનાર તીર્થમાં મંદિર-ધર્મશાળા અને તળાજા તીર્થમાં ધર્મશાળા-નિર્માણનો લાભ લેવા પૂર્વક પૂર્વ ભારતની કલ્યાણક ભૂમિઓમાં પાંચ છ જિનમંદિરો અને ધર્મશાળાઓના નવનિર્માણનો લાભ લીધો. પોતાને મળેલી થોડીઘણી સમજણ અને તત્કાલીન મુનિવરોના માર્ગદર્શન મુજબ ૪૫ આગમોના મુદ્રણ પાછળ પણ એમણે અઢળક સંપત્તિનો સદ્‌વ્યય કર્યો હતો. સન્માર્ગે સંપત્તિનો મુક્ત હાથે સદ્‌વ્યય કરવાના સંસ્કારોનો વારસો એમને પોતાના પૂર્વજ બુધસિંહજી તથા પિતાજી પ્રતાપસિંહજી દુગડ તરફથી મળવા પામ્યો હતો.

૧૮૮૩માં શત્રુંજયના સંઘપતિ બનવા પ્રતાપસિંહજી ભાગ્યશાળી બન્યા હતા. તદુપરાંત બુધસિંહજી પ્રતાપસિંહજી દુગડ-પરિવારે પૂર્વભારતની મુખ્યત્વે કલ્યાણક ભૂમિઓમાં ૧૬ જેટલા જિનમંદિરો તેમજ ૨૦ જેટલી ધર્મશાળાઓનું નિર્માણ કરાવીને જિનશાસનની ધર્મધ્વજાને ગગનચુંબી બનાવવામાં અનુમોદનીય અને અવિસ્મરણીય યોગદાન આપ્યું હતું. આ બધી વિગતો જાણ્યા પછી તો બાબુના મંદિરનું દર્શન થતા જ યાત્રિકોની નજર સમક્ષ કોઈ ચિત્રપટની અદાથી આ બધો ઈતિહાસ તરવરી ઉઠ્યા વિના નહિ જ રહે.

(પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ લિખિત 'ગરવી ગાથા ગિરિરાજ' પુસ્તક માંથી)

## શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર સંપન્ન થયેલા જીર્ણોદ્ધારના કાર્યો

- શ્રી આદીશ્વર ભગવાન (શ્રી દાદાજી)ની ટૂકમાં ત્રીજી ભમતીની બહાર કાંગરા પર, ચોક અને ઘુમ્મટ પર કલરકામ.
- શ્રી આદીશ્વર ભગવાન (શ્રી દાદાજી)ના જિનાલયમાં ભેટાસરા ઉપર આરસ લગાડવાનું કામ.
- શ્રી આદીશ્વર ભગવાન (શ્રી દાદાજી) જિનાલયના ગભારાની બારશાખનું મઠારકામ અને ફિનીશીંગ કામ.
- વાઘણપોળ વિસ્તારમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી ચંદ્રપ્રભુસ્વામી જિનાલયનું મઠારકામ અને ફિનીશીંગ કામ.
- વાઘણપોળ ગેઈટ બહાર અને રતનપોળ અંદર આવેલ કુલ ચાર દેવ-દેવીઓની મૂર્તિનું ફિનીશીંગ કામ.
- વાઘણપોળ વિસ્તારમાં શ્રી ધર્મનાથ ભગવાન અને શ્રી પાર્શ્વનાથ ભગવાન જિનાલય મઠારકામ અને ફિનીશીંગ કામ.
- શ્રી સુમતિનાથ ભગવાન જિનાલય - કલરકામ.
- વિમલવસહી વિસ્તારમાં શ્રી સુમતિનાથ ભગવાન, શ્રી શાંતિનાથ ભગવાન અને શ્રી અજિતનાથ ભગવાન જિનાલય -મઠારકામ અને ફિનીશીંગ કામ.
- નેમિનાથ ભગવાનની ચોરી વિસ્તારમાં બે ઘુમ્મટરમાં ફિનીશીંગ કામ અને મૂર્તિ ફીટીંગ.
- શ્રી કેશવજી નાયકની ટૂકના મુખ્ય જિનાલયની છતમાં પીસીસી કામ.
- ભૂતિયા ગેઈટ પાસે યાત્રિક સુવિધા માટે પગથિયા અને પીત્તળની રેલીંગની કામગીરી.
- શ્રી શાંતિનાથ ભગવાન જિનાલયની બહારના ચોક વિસ્તારમાં આરસ લગાડવાનુ કામ.

## નવટૂક વિસ્તારમાં પૂર્ણ થયેલા કાર્યો

- વેલભાઈ કોઠામાં આવેલ શ્રી નરશીનાથા ટ્રસ્ટના નાના જિનાલયનું મઠાર અને ફિનીશીંગ કામ.
- વેલભાઈ કોઠામાં રસ્તા ચોક વિસ્તારમાં આરસ ફિટીંગ.
- વેલભાઈ કોઠામાં આવેલ પાંચ જિનાલયોનું ઘસાઈ અને કલરકામ.
- શ્રી બાલાભાઈ ટૂકમાં ભમતીમાં આરસ ફિટીંગ.
- શ્રી બાલાભાઈ ટૂકમાં અગ્નિ ખૂણાના જિનાલયમાં ચિત્રકામ.
- શ્રી નરશીનાથા જિનાલય, બહારની બાજુ ભમતીમાં આરસ ફિટીંગ.
- શ્રી નરશી કેશવજી ટૂકમાં તળીયામાં આરસ ફિટીંગ.
- શ્રી નરશી કેશવજી ટૂકમાં ઘસાઈકામ અને કલરકામ.
- શ્રી છીપાવસહી ટૂકમાં શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય ઉપર આમલસાર તથા કળશની કામગીરી.
- શ્રી સાકરશા ટૂકની બાજુમાં પરબનું કાર્ય.
- શ્રી નરશી કેશવજી ટૂકમાં કુંડ, ટાકા, ખોદકામ, ચણતરકામ અને પીસીસી કામની કામગીરી.
- શ્રી છીપાવસહી ટૂકમાં શ્રી અજિતનાથ ભગવાન, શ્રી શાંતિનાથ ભગવાનની દેરી પાસે શ્રી નેમિનાથ ભગવાનનું દેરાસર તથા શ્રી આદીશ્વર ભગવાનની ચરણ પાદુકાની દેરીનું કાર્ય ચાલી રહ્યું છે.
- શ્રી મોદીની ટૂકમાં જિનાલયના મુખ્ય શિખરનું કાર્ય ગતિશીલ છે.
- શ્રી વિમલવસહી ટૂકમાં શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી સુમતિનાથ ભગવાન, શ્રી અજિતનાથ ભગવાનના દેરાસરો તથા અન્ય ઓગણીસ દેરીઓના મઠારકામ અને ફિનીશીગ કાર્ય પૂર્ણ થયેલ છે.
- શ્રી હેમાભાઈ ટૂકમાં આરસ ફીટીંગ કામ પૂર્ણ થયેલ છે.

## અન્ય સ્થળ પર ચાલતા જીર્ણોદ્ધારના કાર્યો

- શ્રી જશકુંવર ભવન, પાલીતાણા ગામ ખાતે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનના જિનાલય ખાતે કેસર સુખડરુમનું કાર્ય પૂર્ણ થયેલ છે.
- શ્રી કદંબગિરિ તીર્થ ખાતે કદમ્બ ગણધરની દેરીનું ફીટીંગ કામ ચાલુ છે.
- શ્રી ગિરનારજી મહાતીર્થની જય તળેટી ખાતે ચૈત્યવંદન મંડપનું કાર્ય ચાલી રહ્યું છે.
- શ્રી કુંભારિયાજી તીર્થ તથા શ્રી મુછાળા મહાવીરજી તીર્થ ખાતે દેરાસરોના જિર્ણોદ્ધાર કાર્યો ચાલું છે.
- અમદાવાદ ખાતે જમાલપુર વિસ્તારમાં આણંદજી કલ્યાણજી બ્લોક્સ ખાતે શ્રી આદીશ્વર ભગવાન જિનાલયના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલુ થયેલ છે.

## સમાચાર

- શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા સંચાલિત જમાલપુર બ્લોક ખાતે શ્રી આદીશ્વરભગવાનના જિનાલયના જીર્ણોદ્ધાર પ્રસંગે સવારે ૮-૦૦ વાગે નવગ્રહ, દશ દિક્પાલ અને અષ્ટમંગલ પાટલા પૂજન ભણાવવામાં આવેલ. પૂજન બાદ શિલાઓને અભિષેક કરવામાં આ વિધિ માટે વિધિકારક શ્રી હેમશેખરભાઈ હાજર રહેલ હતા. આ વિધિમાં શિલાન્યાસના લાભાર્થી પરિવારોએ ખૂબ ઉલ્લાસપૂર્વક લાભ લીધેલ હતો.
- વિ.સં. ૨૦૭૫, અષાઢ સુદ-૨ તા. ૪/૭/૧૯, ગુરૂવારના રોજ જિનાલયનો શિલાન્યાસ વિધિ પ.પૂ. આચાર્ય શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજસાહેબ અને પ.પૂ. શ્રી હેમદર્શનવિજયમ.સા. ની નિશ્રામાં ખૂબ હર્ષોલ્લાસથી સંપન્ન બનેલ છે.

શિલાન્યાસ-વિધિ પૂર્ણ થયા બાદ સંઘ સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ હતું.

## શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટને જોઈએ છે

**મેનેજર/આસી.મેનેજર** :- ઉંમર ૪૦ વર્ષથી વધુ-ગ્રેજ્યુએટ-ધાર્મિક કે સામાજીક સંસ્થાનો ૫ વર્ષથી વધુ વહિવટી અનુભવ - સરકારી/બિનસરકારી સંસ્થાઓના કામકાજના જાણકાર. કોમ્પ્યુટર જાણકાર, ધર્મશાળા-ભોજનશાળાના વહીવટ સંભાળી શકે તેવા, જૈન તીર્થસ્થાનોમાં રહી ફરજ બજાવી શકે તેવા ઉમેદવાર.

**સુપરવાઈઝર/ક્લાર્ક** :- ઉંમર ૨૫ વર્ષથી વધુ - ગ્રેજ્યુએટ-અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કોમ્પ્યુટર ટાઈપીંગ, એકાઉન્ટના તથા કોમ્પ્યુટરના જાણકાર, જૈન તીર્થસ્થાનોમાં રહી ફરજ બજાવી શકે તેવા ઉમેદવાર.

**પૂજારી** :- ઉંમર ૨૨થી વધુ - જૈન દેરાસરમાં પૂજારીની કામગીરીના અનુભવી, સેવાપૂજા, આંગી, ભોજકની કામગીરીના જાણકાર, બહારગામ રહી શકે તેવા,

ઉપરોક્ત તમામ જગ્યા માટે જૈન ધાર્મિક સિધ્ધાંતો, પ્રણાલિકાઓની જાણકારી ધરાવનારને અગ્રતા આપવામાં આવશે.

અજરદારે અભ્યાસ, અનુભવ વિગેરેની નકલો સાથે નીચેના સરનામે અરજી કરવી.

**શેઠ આણંદજી કલ્યાણજી (ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ)**
'સહુને આનંદ સહુનું કલ્યાણ'
**"શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન"**
**૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,**
**પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭**

# તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨- ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

મુંબઈ બ્રાંચ
શેઠ આણંદજી કલ્યાણજી
૧૦૦૧, ૧૦મે માળ, મેજેસ્ટીક શોપીંગ સેન્ટર, ૧૧૪, જે.એસ.એસ. રોડ,
ગિરગામ ચર્ચ નજીક, ગિરગામ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે.નં. ૦૨૨-૨૩૮૦૮૦૪૮
(રકમ ભરવાનો સમય) સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ બપોરે ૨.૦૦ થી ૬.૦૦
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ.નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આણંદજી કલ્યાણજી' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

'દયા ધર્મનું મૂળ છે'

# શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ



# શ્રી છાપરીયાળી પાંજરાપોળ

(સ્થાપના વિ.સ. ૧૯૦૮ ઈસ્વી. ૧૮૫૨)
અનેક અબોલ જીવોનો વિસામો

---

## જીવદયા પ્રતિપાલક યોજનામાં રૂા. ૯૦૦૦/-ના વાર્ષિક અનુદાનથી જોડાઓ અને જીવોના પાલક બનો.

---

રોજના ફક્ત રૂા. ૨૫/- જેવી નાની રકમનું યોગદાન આપીને છાપરીયાળી પાંજરાપોળની દૈનિક નિભાવ ફંડ યોજનામાં લાભ લો અને ઘેર બેઠા રોજ ૧ પશુને તમારા તરફથી ઘાસચારા નીરણનો અમૂલ્ય લાભ મેળવો !!

જીવોના અભય દાતા બનો. દયા તમામ ધર્મોનું મૂળ છે.
આજે જ પરિવારના દરેક વ્યક્તિ અથવા સંપૂર્ણ પરિવાર
વતી રૂા. ૯૦૦૦/-નું પાંજરાપોળને દાન કરી લાભ લો !!

પાંજરાપોળની કોઈપણ યોજનામાં લાભ લેવા માટે
આ રકમ ચેકથી પેઢીના સરનામે મોકલી શકો છો અથવા
STATE BANK OF INDIA (જેસર બ્રાંચ)ના સેવિંગ્સ
A/C 56022001345 માં (IFSE CODE - SBIN0060022)
જમા કરાવીને સ્લીપની કોપી પેઢીના સરનામે મોકલવાથી
રસીદ આપને મોકલી આપવામાં આવશે.

---

શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ
મુ. પો. છાપરીયાળી, વાયા : જેસર - ૩૬૪૫૧૦. જી. ભાવનગર.
ફોન : (૦૨૮૪૪) ૨૯૦૨૪૫ / ૨૯૦૨૪૬

અંક-૧૪

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

**BOOK - POST**

*To,*


**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com